જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૧/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૨૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૯	૦	૧૧૯	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૪૮૭	૧	૭૩૪૮૮	૭૪૫૪૮	૭	૭૪૫૫૫
કુલ		૯૦૦૫૦	૧	૯૦૦૫૧	૯૯૦૪૮	૭	૯૯૦૫૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૭	૧૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૧	૮૧,૦૦૦/-

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૨૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૨૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયો : **સમાચાર યાદી નં.૨૦૨૮/૨૦૨૧**

શાહીબાગ : સાવિત્રીબહેન વા/ઓ રામપ્રસાદ કોઠારી (ઉ.વ.૬૩)(રહે.ચંદનવાડી જુની સર્કીટ હાઉસ પોસ્ટ ઓફીસની પાછળ, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૧ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરના મુખ્ય ગેટની બહાર રોડ ઉપર એક્ટીવા ઉપર આવેલ અજાણ્યો પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) એ સાવિત્રીબહેનના ગળામાં પહેરેલ સોનાના દોરા નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાના ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

નારણપુરા : કોકીલાબહેન વા/ઓ તુલસીભાઇ જોષી (ઉ.વ.૫૩)(રહે.સધી એપાર્ટમેન્ટ, ગાયત્રી મંદીર પાસે, જુના વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે નારણપુરા નવરંગ સર્કલ પાસે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) એ કોકીલાબહેનના ગળામાં પહેરેલ સોનાની ફેન્સી કંઠી(મગમાળા) કિંમત રૂપિયા ૪૫,૨૫૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ: **સમાચાર યાદી નં.૨૦૨૯/૨૦૨૧**

દાણીલીમડા : રેહાન સલીમભાઇ શેખ (ઉ.વ.૧૩)(રહે.તૈયબા ફલેટ, છીપા સોસાયટી, દાણીલીમડા) તા.૦૧/૧૧/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટના ધાબા ઉપર પતંગ ચગાવતા ધાબા પરથી પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૧/૨૦૨૧ ના કલાક ૯/૫૦ વાગે ફરજ પર ના ડો.શ્રી એ રેહાન ને મૃત જાહેર કર્યો હતો. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કલ્પેશકુમાર ભીમાજી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૩૦/૨૦૨૧**

ઇસનપુર : આરતીબહેન ડો/ઓ અશોકભાઈ ચિકવા (ઉ.વ.૨૫)(રહે.ચારભૂજા સોસાયટી, દશામાઁના મંદિરની સામે, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૧ ના કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે બાથરૂમમાં પ્લાસ્ટીકની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.